સ્ટેટ ડિઝાસ્ટર કંટ્રોલરૂમનું સતત માર્ગદર્શન: આ મહત્ત્વપૂર્ણ અનુભવ આપત્તિ વ્યવસ્થાપનને વધુ મજબુત બનાવશે કલેક્ટર

રિલાયન્સ રિફાઈનરીના ટેન્ક ફાર્મમાં આગ: રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રિલ સફળતાપૂર્વક સંપન્ન

ભારતીય સેનાની ત્રણેય પાંખ, એનડીઆરએફ, એસડીઆરએફ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, જી. જી. હોસ્પિટલ, કોસ્ટ ગાર્ડ, સુરક્ષા તંત્રો, બન્ને જિલ્લાના તંત્રે સુદૃઢ સંકલનથી મોકડ્રિલ સફળ બનાવી

ભારત સરકારના નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ) અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (જીએસડીએમએ)ના સંયુક્ત ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર, જામનગર દ્વારા તારીખ ૨૧ નવેમ્બરના રિલાયન્સ રિફાઇનરીમાં આયોજિત રાષ્ટ્રીય કક્ષાની ફાયર ડિઝાસ્ટર મેનેજમેન્ટ મોકડ્રિલ સફળતાપૂર્વક સંપન્ન થઈ છે. આ ડ્રિલમાં જિલ્લા વહીવટી તંત્રની સંકટના સમયે ઝડપી અને અસરકારક પ્રતિભાવ આપવાની ક્ષમતાનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું.

રિલાયન્સ રિફાઇનરીના ટેન્ક ફાર્મમાં આગ લાગવાની કાલ્પનિક પરિસ્થિતિને અનુલક્ષીને આ ડ્રિલ યોજાઈ હતી જેનો મુખ્ય ઉદ્દેશ વહીવટીતંત્ર, ઉદ્યોગ અને વિવિધ સુરક્ષા એજન્સીઓ વચ્ચેના સંકલન અને સહકારની સજ્જતા ચકાસવાનો હતો.

દિલ્હી સ્થિત નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ઉચ્ચ અધિકારી આદિત્યકુમાર અને તેમની ટીમે સમગ્ર ડ્રિલ દરમિયાન ઉપસ્થિત રહી હતી.

આ કવાયતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગો, ભારતીય સેનાની ત્રણેય પાંખ, કોસ્ટ ગાર્ડ, એનડીઆરએફ, એસડીઆરએફ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો.ડ્રિલ દરમિયાન તમામ વિભાગોએ આફતની પરિસ્થિતિમાં અસરકારક પ્રતિભાવ, ત્વરિત બચાવ કામગીરી અને પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા માટેની કવાયત હાથ ધરી હતી જે ખૂબ જ સફળ રહી હતી. આ મોકડ્રિલના સંદર્ભે જામનગરની જી જી હોસ્પિટલને પણ સાંકળવામાં આવી હતી.

ગાંધીનગર સ્થિત સ્ટેટ ડિઝાસ્ટર કંટ્રોલ યુનિટથી અગ્ર સચિવ જયંતિ રવિ તેમજ રાહત કમિશનર આલોક પાંડેએ તંત્રને સતત માર્ગદર્શન પૂરું પાડ્યું જ્યારે ડીઝાસ્ટર કંટ્રોલ રૂમ જામનગર ખાતેથી જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પણ તથા સંલગ્ન વિભાગોના અધિકારીઓએ ઉપસ્થિત રહી સમગ્ર ડ્રિલનું સંકલન કર્યું હતું. સાથે જ રિલાયન્સ રિફાઈનારીમાં નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર તથા લાલપુર પ્રાંત અધિકારી સંજયસિંહ અસવારે ઇનસીડન્ટ કમાન્ડર તરીકેની ફરજો બજાવી હતી.

મોકડ્રિલના સફળ સમાપન પછી જિલ્લા કલેકટર કેતન ઠક્કરે સંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે, આ મોકડ્રિલ દ્વારા જિલ્લા વહીવટી તંત્રની કોઈપણ પ્રકારના ડિઝાસ્ટરને પહોંચી વળવાની ક્ષમતા પુરવાર થઈ છે. અમારા વહીવટી તંત્રની સજ્જતાની આ કસોટી સફળ રહી છે, અને અમે જિલ્લાના નાગરિકોના હિત માટે કોઈપણ આફતને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છીએ.

તેમણે ઉમેર્યું કે, વર્ષ ૨૦૧૯ પછી યોજાયેલી આ રાષ્ટ્રીય કક્ષાની ડ્રિલ અમારા માટે એક મહત્ત્વપૂર્ણ અનુભવ બની રહી છે, જે આગામી સમયમાં આપત્તિ વ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવવામાં મદદરૂપ થશે. આ સફળ મોકડ્રિલ એ દર્શાવે છે કે જામનગર જિલ્લા વહીવટી તંત્ર કોઈપણ મોટા ઔદ્યોગિક કે રાસાયણિક અકસ્માતનો સામનો કરવા માટે માત્ર તૈયાર જ નથી, પણ વિવિધ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય એજન્સીઓ સાથે ઉત્તમ સંકલન કરવાની ક્ષમતા પણ ધરાવે છે.

મુખ્યમંત્રીની રાજસ્વારીને ખલેલ ન પહોંચે તે હેતુથી

જામનગરમાં ફ્લાય ઓવર બ્રિજના લોકાર્પણ સમયે કોંગી કોર્પોરેટર રચનાબેન નજરકેદ

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે ઓવર બ્રિજના લોકાર્પણ માટે જામનગર આવનાર હોવાથી કોંગ્રેસ પાર્ટી દ્વારા કોઈ વિરોધ પ્રદર્શન કરવામાં આવે નહીં તે હેતુથી ગઈ રાત્રે જ કોંગ્રેસના કોર્પોરેટર રચનાબેન નંદાણિયાના નિવાસસ્થાને મહિલા પોલીસની સુરક્ષા ગોઠવી દેવામાં આવી હતી અને રચનાબેનને નજરકેદ કરવામાં આવ્યા હતાં. હવે મુખ્યમંત્રી જામનગરથી ગાંધીનગર જવા માટે રવાના થયા પછી જ રચનાબેનને નજર કેદીમાંથી મુક્તિ મળે.

મહિલા નેતા હાલમાં બહારગામ હોવા છતાં

મુખ્યમંત્રીના કાર્યક્રમ સમયે કોર્પોરેટર જેનબબેન ખફીના નિવાસસ્થાન પાસે પોલીસ બંદોબસ્ત!?

મુખ્યમંત્રી જામનગર આવનાર હોવાથી કોંગ્રેસ દ્વારા કોઈ વિરોધ પ્રદર્શન કરવામાં આવે નહીં તે હેતુથી કોર્પોરેટર જેનાબબેન ખફીના નિવાસસ્થાને પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો, જો કે જેનબબેન ખફી હાલ જામનગરમાં નથી, પરંતુ બહાર છે. આમ છતાં તેમના નિવાસસ્થાને મહિલા પોલીસનો પહેરો ગોઠવાયો હતો.

જિલ્લા સહકારી બેંકના અધિકારીઓ-પદાધિકારીઓ દ્વારા

જામનગર જિલ્લાના ખેડૂત ખાતેદારના મૃત્યુ પછી વારસદારોને વળતરનો ચેક અર્પણ કરાયો

(તસ્વીર: મુકેશ મોકસીયા)

જામનગર જિલ્લા સહકારી બેંકના ખેડૂત ખાતેદાર જેઠાભાઈ ધનાભાઈ સુવાનું અકસ્માતે મૃત્યુ નિપજતા તેમના વારસદારોને બેંકના ડીરેક્ટર મેરગભાઈ ચાવડા, જિ.પં. સભ્ય અરવિંદભાઈ આંબલિયા, નારણભાઈ બેલા, બેંક મેનેજર રામદેભાઈ માળિયા, ભીમસીભાઈ બેલા, બેંકના કર્મચારીઓની હાજરીમાં રૂપિયા પાંચ લાખનો ચેક આકસ્મિક વીમા વળતર પેટે અર્પણ કરવામાં આવ્યો હતો.

દીકરીના પરિવારની ચિન્તા એ આપણી ચિન્તા: ભૂપેન્દ્રભાઈ પટેલ

જામનગરના ટાઉન હોલમાં પૂર્વ નિર્ધારિત લગ્ન પ્રસંગને અનુકૂળ થવા મુખ્યમંત્રીએ બદલાવ્યું કાર્યક્રમનું સ્થળ

લગ્નગાળાની સિઝનમાં તાત્કાલિક નવું સ્થળ શોધવુ, મહેમાનોને જાણ કરવી. નવી વ્યવસ્થાઓ ઊભી કરવી, આ બધું અમારા માટે અઘરૂં હતું, પણ મુખ્યમંત્રીનો ફોન આવ્યો અને અમે શાંતિથી એ રાત્રે સુઈ શકયા, બ્રિજેશ પરમાર, દીકરીના કાકા

જામનગર તા. ૨૪: એક દીકરીના લગ્ન પૂર્વ નિર્ધારિત સમય અને સ્થળે યોજાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જામનગરના કાર્યક્રમનું સ્થળ બદલ્યું હતું. અને તેઓનો સંવેદનશીલ માનવીય અભિગમ સામે આવ્યો હતો. આપણા કાર્યક્રમનું સ્થળ બદલો. દીકરીના પરિવારની ચિંતા એ આપણી ચિંતા તેમ જણાવી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તંત્રને સ્થળ બદલવા આદેશ કર્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માનવતાવાદી અભિગમને દર્શાવતી ઘટના પ્રકાશમાં આવી છે. વાત જાણે એમ બની કે મુખ્યમંત્રીએ જામનગરના એક પરિવારની વિનંતીને માન આપીને પોતાના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમનું સ્થળ બદલી નાખ્યું, જેથી એક દીકરીના લગ્નનો પ્રસંગ ધામધૂમથી અને શાંતિપૂર્વક સંપન્ન થઈ શકે.

વિગતવાર જોઈએ તારીખ ૨૩-૧૧-૨૦૨૫ ના જામનગરના પરમાર પરિવારની દીકરી સંજના પરમારના લગ્ન શહેરના ટાઉનહોલમાં નક્કી થયા હતા.પરિવારમાં રૂડો અવસર હતો.હરખ મા'તો નહોતો, તમામ વિધિઓ અને તૈયારીઓ પૂર્ણતાના આરે હતી. ત્યાં સમાચાર મળ્યા કે, તા.૨૪-૧૧-૨૦૨૫ના રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જામનગરમાં પધારવાના છે. જામનગરના ટાઉનહોલમાં મુખ્યમંત્રીનો જાહેર કાર્યક્રમ નિર્ધારિત થયો હતો.

આ કાર્યક્રમ સંજના પરમારના લગ્નના માત્ર એક દિવસ પછી હોવાથી આસપાસના વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત અને સુરક્ષા વ્યવસ્થાઓ ગોઠવાઈ હતી.જેથી મુખ્યમંત્રીની સુરક્ષા વ્યવસ્થાના પગલે લગ્નવિધિમાં અવરોધ ઉભો થવાની શક્યતા ઉભી થઈ.પરિણામે, પરમાર પરિવારની ચિંતા વધી.

સી.એમ.ની સંવેદનશીલતા ઝળકી: માનવીય અભિગમ

પરિવારે આ મુદ્દે મુખ્યમંત્રી સુધી પોતાની વાત પહોંચાડવા પ્રયાસ કર્યો.વાત મુખ્યમંત્રીશ્રી કાર્યાલય સુધી પહોંચી.વાત સાંભળી મુખ્યમંત્રીએ તરત કહ્યું, 'આપણા કાર્યક્રમનું સ્થળ બદલો. દીકરીના પરિવારની ચિંતા એ આપણી ચિંતા. અને તે પછી 'મુખ્યમંત્રીના આદેશના પગલે કાર્યક્રમનું સ્થળ બદલાયું.

આ ઘટનાક્રમ અંગે વાત કરતાં સંજના પરમારના કાકા બ્રિજેશ પરમાર કહે છે : મુખ્યમંત્રીને અમારા લગ્ન પ્રસંગની જાણ થતાં જ તેમણે અમારી સાથે વાતચીત કરી અને હૈયાધારણ આપી. મુખ્યમંત્રીએ કહ્યું કે, "તમે જરાપણ ચિંતા કરશો નહીં. તમારા લગ્ન ધામધૂમથી જ્યાં નિર્ધારિત હતા ત્યાં ટાઉનહોલમાં જ કરો. અમે અમારા કાર્યક્રમનું સ્થળ બદલાવીશું'. આમ, મુખ્યમંત્રીની આ સંવેદનાથી પરમાર પરિવારની ચિંતા દૂર થઈ.

બ્રિજેશ પરમાર મુખ્યમંત્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા કહે છે :" લગ્ન ગાળાની સિઝનમાં તાત્કાલિક નવું સ્થળ શોધવું, મહેમાનોને જાણ કરવી, નવી વ્યવસ્થાઓ ઊભી કરવી. આ બધું અમારા માટે અઘરું હતું. પણ આભાર મુખ્યમંત્રીનો, જેમણે અમારો પ્રસંગ શાંતિ અને સુખરૂપ યોજાય તે માટે તેમણે પોતાના કાર્યક્રમનું સ્થળ બદલ્યું.મુખ્યમંત્રી સાહેબનો એક ફોન આવ્યો અને અમે શાંતિથી એ રાત્રે સૂઈ શક્યા."

આ ઘટના દર્શાવે છે કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી તો છે જ, પણ સાથે 'ઉત્તમ માણસ' છે.તેઓ જનતાની નાની મુશ્કેલીઓ માટે પણ સદા સંવેદનશીલ છે.

રિક્ષાના નંબર મેળવી તેના માલિકનો સંપર્ક કરાયો:

રિક્ષામાં ભૂલાઈ ગયેલો થેલો પરત અપાવતી દ્વારકા નેત્રમ શાખા ટીમ

ખંભાળિયા શહેરની શ્રીજી સોસાયટીમાં વસવાટ કરતા રાજુભાઈ જેસાભાઈ ચાવડા નામના વ્યક્તિ ગઈ તા.૧૬ના દીને બહારગામથી ખંભાળિયા આવ્યા પછી રાત્રે સાડા બારેક વાગ્યે મિલન ચાર રસ્તા પાસેથી રિક્ષામાં ઉતર્યા હતા. આ વેળાએ ઉતાવળમાં તેઓનો એક થેલો રિક્ષામાં રહી જવા પામ્યો હતો. આ બાબતની દેવભૂમિ દ્વારકા નેત્રમ શાખાને જાણ કરવામાં આવતા પીઆઈ જે.જે. ચૌહાણ તથા ઈન્ચાર્જ એસ.વી. કાંબલીયાની સૂચનાથી હરકતમાં આવેલી કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની ટીમે સીસીટીવી ફૂટેજ ચકાસ્યા પછી રિક્ષાના નંબર મેળવ્યા હતા અને તે રિક્ષાચાલકને શોધી થેલો મૂળ માલિકને પરત સોંપાવ્યો હતો.

ફલ્લા: એસઆઈઆરની કાર્યવાહી

ફલ્લા તા. ૨૪: ફલ્લામાં પ્રાથમિક શાળામાં એસઆઈઆરની કાર્યવાહી ચાલી રહી છે. સરપંચ કમલેશ ધમસાણિયા, તલાટી રીયાસીબેન, રાજદીપદાન ગઢવી, બીએલઓ મહેશભાઈ, બીજેશભાઈ, હિતેશભાઈ વિગેરે કામગીરીમાં જોડાયા હતાં.

આગામી તા. ૧૯ અને ૨૦ ડિસેમ્બરે કાર્યક્રમ:

પૂર્વ સૈનિકો અને ફેમિલી પેન્શનરો માટે અમદાવાદમાં સ્પર્શ આઉટ રીચ

જામનગર તા. ૨૪: વેટર્ન્સ સેલ, સ્ટેશન હેડક્વાટર અમદાવાદ દ્વારા આગામી તા. ૧૯ અને ૨૦ ડિસેમ્બર-૨૦૨૫ ના અમદાવાદમાં સ્પર્શ પોર્ટલથી પેન્શન લેતા તમામ પૂર્વ સૈનિકો, સ્વ. સૈનિકોના ધર્મપત્ની (ફેમિલી પેન્શનરો) અને ડિફેન્સ સિવિલિયન પેન્શનરો માટે એક આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પેન્શનરોને સ્પર્શ પોર્ટલમાં ડેટા મિસમેચ થયેલ હોય અથવા તે બાબતે કોઈ રજૂઆત કરવામાં આવેલ હોય, તો તે રજૂઆતનો નિકાલ અને યોગ્ય માર્ગદર્શન સ્થળ પર જ આપવામાં આવશે. સ્પર્શ પોર્ટલથી પેન્શન મેળવતા તમામ પૂર્વ સૈનિકો, સ્વ. સૈનિકોના ધર્મપત્ની અને ડિફેન્સ સિવિલિયન પેન્શનરોએ આ કાર્યક્રમમાં અચૂક હાજરી આપવા માટે કમાન્ડર સંદિપ જયસ્વાલ (નિવૃત્ત), જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી, જામનગર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

કામગીરીનો બહિષ્કાર કરવાની ચીમકી:

ગુજરાતમાં એસઆઈઆરની કામગીરી સામે રાજ્ય શૈક્ષણિક સંઘનો ઉગ્ર વિરોધ

ખંભાળીયા તા. ૨૪: ગુજરાત રાજ્યમાં મતદાર યાદી સુધારણા (એસઆઈઆર) ની ચાલતી કામગીરીમાં ટેન્શનને કારણે તથા વધુ પડતા કામના ભારણથી ત્રણ વ્યક્તિઓના મૃત્યુ થતા ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના પ્રમુખ તથા રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પટેલની આગેવાનીમાં મુખ્યમંત્રીને તથા રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીને લેખિતમાં પ્રશ્નો અંગે રજૂઆત કરીને જો પ્રશ્નો ના ઉકેલાય તો કામગીરીની બહિષ્કારની ચીમકી પણ અપાઈ છે.

શૈક્ષણિક કર્મચારી મહામંડળ દ્વારા એક જ લોગીનને બદલે પહેલાની જેમ બે થી ત્રણ લોગીનનો એક્સેસ અપાય. રાત્રે મોડે સુધી ના બેસાડી રખાય, આની ઓનલાઈન કામગીરી આઉટ સોર્સીંગ યુવાનો પાસે કરાવાય. કામગીરીમાં જે શિક્ષકોના મૃત્યુ થયા તેમના પરિવારોને એક-એક કરોડ સહાય અપાય, એસઆઈઆર કામગીરીની સમય મર્યાદા વધારવી, સર્વરને ઝડપી અને અપડેટ કરવું, શિક્ષકો કામ કરે તેમની ગરિમા જળવાય તેવો વ્યવહાર થાય, શિક્ષકોને નોટીસ આપવી, ધમકાવવા, ધરપકડ કરવાની માનસિકતા છોડી તમામ નોટીસો પરત ખેંચાય, આવી નવ માંગણીઓ કરાઈ છે અને જો આ મુદ્દે તાકીદે યોગ્ય નહીં થાય તો મતદારયાદી સુધારણા કાર્યવાહીનો બહિષ્કાર કરવા ચેતવણી અપાઈ છે.

બીએલઓમાં વહીવટી અધિકારીઓને રાત્રે ફોન કરવા. અભદ્ર કે બીભત્સ શબ્દપ્રયોગો કરવા, ધમકાવવા વિગેરે ફરિયાદો પણ થઈ છે. તો કેટલાયે વિસ્તારો એવા છે કે, જ્યાં મહિલા અધિકારી પોતાના પરિવારના પુરૂષોને લીધા વિના જઈ શકતા નથી, આચાર્ય, શિક્ષકો માધ્યમિક, ઉ.મા. તથા ક્લાર્ક, પટાવાળા સંગઠનના શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા માંગણી કરાઈ છે.

૧૮મી વાર્ષિક પુણ્યતિથિએ
ભાવભીની શ્રદ્ધાંજલિ
કરૂણા જેના હૃદયમાં હતી, પરોપકાર જેના પગલામાં હતાં, કોઈના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી એવો જેમનો જીવનમંત્ર હતો એવા પુણ્ય આત્માને કોટી...કોટી.. વંદન
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના
સ્વ. ગીરધરલાલ વી. સોનેચા
સ્વ. વનરાવન રૂગનાથ સોનેચા (પીંડારાવાળા)
સ્વ. તા. ૧૩-૧૨-૨૦૦૭ માગશર શુદ ૪ (સોમ)
દિનેશભાઈ વી. સોનેચા - સ્વ. કિશોરભાઈ વી. સોનેચા
ભરતભાઈવી. સોનેચા - માલવે એ. સોનેચા (પ્રપૌત્ર)
જુહિ એ. સોનેચા (પ્રપૌત્રી)
તથા સોનેચા પરિવારના જયશ્રી કૃષ્ણ

પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ
જીવન એવુ જીવી ગયા કે જોનાર જોયા કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
આપનો નિર્મળ પ્રેમ અમારૂં જીવનબળ હતું,
આપની હયાતી અમારા જીવનની પ્રેરણા હતી,
તમોએ જીંદગીના પુષ્પોની જેમ ખીલવ્યા અમોને,
વડલાના વડવૃક્ષની જેમ છત્રછાયા આપી અમોને,
અને દુઃખોની અમારાથી જોજનો દુર રાખીને જીંદગીના પથની સુખદ સીડી પર પહોંચાડયા
કે.વા.હંસાબેન વસંતપુરી ગોસ્વામી
સ્વ.તા.૨૪-૧૦-૨૦૨૫
વસંતપુરી તુલસીપુરી, પિયુષપુરી વસંતપુરી
આશાબેન, કિરણબેન, મેગી તથા કૃપા
તેમજ સ્વ. નરભેગર હરીગર પરિવાર